

પાલનપુર નજીક બાલારામ મહાદેવ મંદિરે શ્રાવણ માસની વદ ચૌદસે સ્વામી વિવેકાનંદ કેન્દ્ર બનાસકાંઠાના ઉપક્રમે મહાસંધ્યા આરતી યોજાઈ હતી. જેમાં સાંસદ દિલીપભાઈ પંડ્યા, યાત્રાધામ બોર્ડના ડિરેક્ટર ગણપતલાલ જોષી, ગૌરાંગ પાધ્યા, સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# અરવલ્લીમાં બાળસંસદની ચૂંટણી પ્રક્રિયા માટે શિક્ષકોને તાલીમ અપાઈ

મોડાસા, તા. ૧૩

સર્વશિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં બાળસંસદ રચી શિક્ષણ, આરોગ્ય અને સફાઈ સહિતની કામગીરી શાળામાં ચૂંટાઈ આવેલી બાળ સંસદ દ્વારા હાથ ધરવા પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ચૂંટણી તાલીમ પૂરી પડાઈ હતી.

પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં પાયામાંથી નેતૃત્ત્વના ગુણ વિકસે, સફળ સંચાલનમાં કુશળતા પ્રાપ્ત કરી શકાય તે હેતુથી બાળ સંસદ રચવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે ત્યારે આવી બાળસંસદની રચના માટે જરૂરી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા અરવલ્લી જિલ્લાની ૧૨૪૨ પ્રાથમિક શાળાઓના શિક્ષકોને જિલ્લા શિક્ષણાધિકારી એ. પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ જરૂરી તાલીમ પૂરી પડાઈ હતી. શિક્ષક સેવા તાલીમ અંતર્ગત શનિવારના રોજ કલ્સ્ટર વાઈઝ યોજાયેલા તાલીમ કેમ્પમાં પ્રાથમિક શિક્ષકોને આવેદનપત્ર ભરાવવાથી માંડી તમામ પ્રકારની ચૂંટણી તાલીમ અપાઈ હતી.

મોડાસા તાલુકાની ૨૧૫ પ્રાથમિક શાળાઓના ૧૦૪૮ શિક્ષકોને જુદા જુદા ૨૨ સ્થળોએ કેમ્પ યોજી તાલીમ પુરી પડાઈ હતી. કેમ્પમાં જિલ્લાની ૧૨૪૨ પ્રાથમિક શાળાના ધોરણ-૧ થી ૨, ૩ થી ૪, ૫ અને ૬થી ૮ના ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના ૬ હજારથી વધુ શિક્ષકોને ચૂંટણીલક્ષી તમામ કામગીરીથી તાલીમબદ્ધ કરાયા હતો. સર્વશિક્ષા અભિયાનના મદદનીશ જિલ્લા કો-ઓર્ડીનેટર મહેશ ભૂનાતના જણાવ્યા મુજબ, કલ્સ્ટર વાઈઝ યોજાયેલ કેમ્પમાં જોડાયેલ શિક્ષકોને બાયસેગ દ્વારા તેમજ તજજ્ઞ શિક્ષકો દ્વારા પ્રાથમિક શાળાઓમાં ચૂંટણી યોજી બાળસંસદની રચના કરવા તાલીમ અપાઈ હતી. જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓની, શિક્ષકોની સંખ્યાના આધારે બાળસંસદની રચના કરી સમિતિના મહામંત્રી, આરોગ્ય મંત્રી, શિક્ષણમંત્રી, સફાઈ મંત્રી જેવા જરૂરી હોદ્દેદારોની ચૂંટણીઓ યોજાશે. શાળાઓમાં રચાનારી બાળસંસદ દ્વારા શાળામાં સફાઈ, આરોગ્ય, શિક્ષણ સહિત વહીવટી કામગીરી વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરાનાર હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું.

# અરવલ્લીમાં ખરીફ પાક બચાવવા મેશ્વો, વાત્રક, માજૂમ ડેમમાંથી પાણી છોડાયું

મોડાસા, તા. ૧૩

સમગ્ર ગુજરાત રાજ્ય અને અરવલ્લી જિલ્લામાં પાછોતરો વરસાદ ખેંચાતા અરવલ્લી જિલ્લાના ૧.૮૪ લાખ હેક્ટર જમીનમાં કરાયેલ વાવેતર પર વરસાદી વાવણીલાયક પાણીના અભાવથી ખતરો મંડાયો છે. ત્યારે સીંચાઈ વિભાગ દ્વારા ખરીફ પાકને બચાવી લેવા જિલ્લાના મેશ્વો, વાત્રક અને માઝૂમ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે. જિલ્લાના ભૂમિપુત્રોનો મહામુલો પાક નિષ્ફળ જાય તે પહેલા સિંચાઈ વિભાગ દ્વારા કેનાલો મારફતે પાણી છોડાતા જગતનો તાત મલકાયો હતો.

અરવલ્લી જિલ્લામાં ચોમાસાની સીઝનમાં મોડે મોડે વરસાદ થયો હતો. મેઘરાજાએ ધબધબાટી બોલાવી વાવણી લાયક વરસાદ વરસતાં જિલ્લાના ખેડૂતોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના ભૂમિપુત્રોએ મોંઘાદાટ બીયારણ ખરીદી ખરીફ પાકનું વાવેતર કરી દીધું હતું. જેમાં સૌથી વધુ કપાસનું ૫૧૪૮૮ હેક્ટરમાં વાવેતર કરાયું છે, જિલ્લામાં કુલ ૧૮૪૬૪૬ હેક્ટરમાં સારા વરસાદની આશાએ વાવેતર કરાયું હતું. પરંતુ છેલ્લા એક માસથી વરસાદ ખેંચાતા તૈયાર પાક પર ખતરો ઉભો થયો છે. બીજી બાજુ જિલ્લામાં શ્રાવણ માસમાં ભાદરવા જેવો તાપ અને ગરમી પડી રહી છે. ત્યારે મોંઘાદાટ બીયારણ અને ખાતર વાપરીને ખેતી કરનાર ભૂમિપુત્રોમાં નિરાશા વ્યાપી ગઈ છે. ખરીફ પાક પર સંકટ મંડરાતા જિલ્લાના સિંચાઈ વિભાગ દ્વારા કેનાલ મારફતે સિંચાઈ પાણી છોડવાનો નિર્ણય કરી ખેડૂતો સિંચાઈ પાણી દ્વારા ખેતી કરી પોતાના મહામુલા પાકને બચાવી શકે તે માટે માઝુમ, મેશ્વો, વાત્રક ડેમમાંથી પાણી કેનાલો દ્વારા છોડવામાં આવ્યું છે.

સપ્તાહ અગાઉ મેશ્વો અને વાત્રક ડેમમાંથી પાણીનો એક રાઉન્ડ છોડવામાં આવ્યો હતો અને બે દિવસમાં માઝૂમ ડેમમાંથી ૫૦ ક્યુસેક પાણી કેનાલ મારફતે છોડવામાં આવ્યું છે. ખરીફ પાકને સીંચાઈનો લાભ મળી શકે તે માટે જો વરસાદ ખેંચાય તો બીજો રાઉન્ડ પાણીનો છોડવાની તૈયારી કરવામાં આવી છે.

ભુમિપુત્રોની તૈયાર થયેલી ખેતી નિષ્ફળ જવાનો ભય હતો ત્યારે અરવલ્લી જિલ્લામાં ડેમના પાણી છોડાતા કેનાલના કમાન્ડ એરીયામાં ખેતી કરનાર ખેડૂતોએ હાશકારો અનુભવ્યો છે.



(તસવીર : જય અમીન, મોડાસા)

## વડાલીના બિલોરી મગરી પરથી ત્યજી દેવાયેલું દોઢ માસનું બાળક મળ્યું

હિંમતનગર, તા.૧૩

વડાલી તાલુકાના જુનાચામુ માર્ગ પર આવેલ બિલોરી મગરી પરથી રવિવારે વહેલી સવારે ત્યજી દીધેલી હાલતમાં એક દોઢ માસનો પુત્ર મળી આવ્યો હતો. ત્યારબાદ આ અંગે વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં જાણ કરાતા તેને સલામત રીતે લાવી હિંમતનગર સિવિલમાં લવાયુ હતું.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે વહેલી સવારે બિલોરી મગરી પર એક નાના બાળકનો જોરશોરથી રડવાનો અવાજ આવ્યો હતો. જેથી તે અંગે તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સને કેટલાક લોકોએ જાણ કરી હતી. ત્યારબાદ પાયલટ મેલાભાઈ રબારી તથા ઈએમટી રીનાબેન પટેલે આવી બાળકને લઈ વડાલી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સુપ્રત કર્યુ હતું. જયાં ર્ડા.એ. કે. ચારણે બાળકને સારવાર આપી વડાલી પોલીસ સ્ટેશનમાં જાણ કરાતા પોલીસે બાળકની અજાણી માતા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

## હિંમતનગરમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટ

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના મહાવીરનગરમાં શનિવારે સાંજે ભજનમાં જઈ રહેલ એક મહિલાના ગળામાંથી બે અજાણ્યા બાઈકસવારોએ ૫૦ હજારની કિંમતના સોનાના દોરાની લૂંટ કરી ભાગી જતા તે અંગેની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. આ અંગેની વિગત એવી છે કે મહાવીરનગરમાં રહેતા જીજ્ઞાબેન ચંદ્રકાન્તભાઈ પટેલ શનિવારે સાંજે સૂર્યોદય બંગ્લોઝ પાસે આવેલ ગીતાબેન રસિકભાઈ પટેલના ઘર આગળથી પસાર થઈ ભજનમાં જઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા બીકસવારોએ આવી જીજ્ઞાબેનના ગળામાંથી સોનાનો દોરો તોડી ભાગી ગયા હતા. જોકે જીજ્ઞાબેને બૂમાબૂમ કરી હતી. પરંતુ બાઈકસવારો ભાગવામાં સફળ રહ્યા હતા. ત્યારબાદ જીજ્ઞાબેને અજાણ્યા શખ્સો વિરુદ્ધ એ - ડીવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મોડાસામાં કોપી રાઈટ અંગે ત્રણ વેપારીઓને ત્યાં તપાસ

મોડાસા, તા. ૧૩

મોડાસા શહેરમાં આવેલ અનેક મોબાઈલની દુકાનોમાં વિવિધ કંપનીઓ પાસેથી લાયસન્સ મેળવ્યા બદલ કોપીરાઈટનો ભંગ કરવામાં આવી રહ્યો છે. દરમિયાન શનિવારે દિલ્હીની એક કંપની દ્વારા શહેરના ચાર રસ્તા નજીક આવેલ ત્રણ મોબાઈલની દુકાનોમાં તપાસ કરવામાં આવી હતી.

જ્યાં ત્રણેય મોબાઈલના વેપારીઓ દ્વારા લાયસન્સ મેળવ્યા વગર ગેરકાયદેસર રીતે કંપનીને નુકસાન પહોંચાડી કોપીરાઈટનો ભંગ કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું હતું. કોપીરાઈટનો ભંગ થતો હોય આ અંગે અધિકારીઓ મોડાસા ટાઉન પોલીસ મથકમાં વેપારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા ગયા હતા. પરંતુ પાછળથી આખાયે મામલે ઠંડુ પાણી રેડી દેવામાં આવ્યું હતું અને વેપારીઓને માત્ર લાયસન્સ મેળવવા માટે પાવતીઓ આપવામાં આવી હોવાનું જાહેર કર્યું હતું.

## જાદરમાં સાસરીયાના ત્રાસથી મહિલાએ જીવન ટૂંકાવ્યુ

ઈડર તાલુકાના દરામલી ગામની યુવતીને જાદર ગામે પરણાવાયેલી મહિલાએ સાસરીયા દ્વારા મહેણાટોણા અને બચતના નાણાં મેળવવા દુષ્પ્રેરણ કરતા મહિલાએ ઝેરી ગોળી ખાઈ જીવન ટૂંકાવ્યાની ફરિયાદ ગુરૂવારે જાદર પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભીસર ગામે રાજકીય નેતાઓને પ્રવેશવા નહી દેવા બેનરો લગાવાયા

મોડાસા, તા. ૧૩

પાટીદાર અનામત આંદોલન આગ પુરા રાજ્યમાં પ્રસરી ચૂક્યા બાદ રેલીઓ અને મહારેલીઓના કાર્યક્રમો પણ પુરા થઈ ચૂક્યા છે. ત્યારે હવે પાટીદાર બહુમતી વસ્તી ધરાવતા ગામોમાં રાજકીય નેતાઓના પ્રવેશ પર પાબંધી ફરમાવતા બોર્ડ લગાવવાનું શરૂ થતા વિવિધ રાજકીય પક્ષોના નેતાઓમાં ફફડાટ ફેલાયો છે ત્યારે અરવલ્લીના મોડાસા નજીક ખંભીસર ગામે પણ આવું બોર્ડ લગાવતા આ પરંપરા વધુ ગામોમાં પ્રસરે તો નવાઈ નહિ.

પાટીદાર અનામત આંદોલન માટે પાટીદાર સમાજ સરકાર સામે બાયો ચઢાવી ચૂક્યો છે ત્યારે ભાજપ હોય કે કોંગ્રેસ કોઈપણ રાજકીય પક્ષો આ સમાજને શિક્ષણ નોકરી સહિતના અનેક ક્ષેત્રોમાં અનામતના કારણે ન્યાય અપાવવા નિષ્ફળ રહ્યા છે. પાટીદાર લોકો હવે પોતાની આ માંગ માટે વધુને વધુ સંવેદનશીલ બની રહ્યા હોય તેમ પોતાના ગામોમાં કોઈપણ રાજકીય પક્ષોના નેતાઓને પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવી રહ્યા છે જે માટે ગામના પ્રવેશદ્વાર પર બેનર લગાવી સૂચક ચેતવણી પણ આપી દેવાઈ છે.




(તસવીર : સમીર બલોચ, મોડાસા)

માત્ર વોટબેંકની રાજ્યની હેઠળ પાટીદાર સમાજનો ઉપયોગ કરી રહેલા તમામ રાજકીય પક્ષોને પોતાની તાકાતનો પરિચય આપી દેવા કમર કસીને પાટીદારો દ્વારા પોતાની લાગણી રજૂ કરાઈ રહી છે. ઉચ્ચ અભ્યાસ મેળવ્યા પછી અનામતના કારણે પશુપાલન અને ખેતીનો વ્યવસાય ના છૂટકે કરવા મજબુર બનેલા આ સમાજના લોકો હવે ખંભીસર ગામે પાટીદાર એ રાજકીય નેતાઓના પ્રવેશ સામે પ્રતિબંધ દર્શાવતા બેનર ગામના પ્રવેશદ્વારે લગાવી દીધા છે અને રાજકીય પક્ષોના નેતાઓના હાથની કટપૂતળી બનવા તૈયાર ન હોવાનું આવા બેનરો પરથી સ્પષ્ટ પણે જણાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લાના મોટા ભાગના તાલુકાઓમાં પાટીદારની વિશેષ વસતી છે ત્યારે મોડાસાના નેતાઓને આડકતરો ઈસારો આપી દીધો છે. ત્યારે આગામી દિવસોમાં આવા બેનરો દ્વારા નેતાઓને પ્રવેશ પ્રતિબંધ ફરમાવતા ફરમાન અન્ય ગામોમાં જાહેર કરવામાં આવે તો નવાઈ પામવા જેવું નહીં રહે.

# શ્રાવણની પુર્ણાહૂતિએ અરવલ્લીના શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં રવિવારે જપ તપ વ્રત તહેવારના સંગમ સમાન શ્રાવણ માસના રવિવારે શિવભક્તો દ્વારા ભારે શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહૂતિ કરાઈ હતી. જિલ્લાના શિવમંદિરોમાં જપ, તપ, રૂદ્રાભિષેક, મહાપૂજાના વિશિષ્ઠ આયોજન કરવામાં આવ્યા હતા. શિવાલયો શ્રદ્ધાળુઓના ઓમ નમઃ શિવાય હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા હતા. ભક્તિમય વાતાવરણમાં પવિત્ર માસની પૂર્ણાહૂતિ થઈ હતી.

અરવલ્લી જિલ્લાના શિવભક્તો શ્રાવણના અંતિમ દિવસે જિલ્લાના શિવાલયોમાં વહેલી સવારે ૪ વાગ્યાથી પહોંચી જઈ જળ, દૂધ, બીલ્વપત્ર અને કમળના ફૂલનો અભિષેક કરી દેવાદિદેવ મહાદેવ ભગવાન ભોળાનાથની પૂજા અર્ચના કરીને ધન્યતા અનુભવી હતી. શ્રાવણ માસનો અંતિમ દિવસ અને રવિવારની રજા હોવાથી મોટી સંખ્યામાં શિવભક્તો જિલ્લાના અનેક શિવમંદિરની મુલાકાતે પહોંચી જઈ આરાધના કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લાના શામપુર નજીક આવેલા કુઢેરેશ્વર મહાદેવ, રાયગઢના અનોખા રૂદ્રાક્ષ શિવલીંગ, ખુમાપુરના નાગણેશ્વર મહાદેવ, ભીલોડાના ભવનાથ મહાદેવ, મોડાસાના ગેબીનાથ મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, વૈજનાથ મહાદેવ, રામનાથ મહાદેવ, પશુપતિનાથ મહાદેવ, તીર્થેશ્વર મહાદેવ, બાયડના વાડીનાથ મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, મોટેશ્વર મહાદેવ (ઈસરોલ) તથા જિલ્લા અન્ય સ્થળે આવેલા શિવાલયોમાં શ્રાવણના પૂર્ણાહૂતિના દિવસે ભોળાનાથના પૂજા અર્ચના માટે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. જિલ્લાના શિવાલયો 'ઓમ નમઃ શિવાય' 'બમ બમ ભોલે', હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. જિલ્લાના અબાલ, વૃદ્ધ સૌ કોઈ આ માસમાં શિવભક્તી કરી આરાધના કરી ધન્યતા અનુભવી હતી. જિલ્લાના શિવમંદિરોમાં આજે વિશેષ આયોજનો જેવા કે શિવ મહિમ્ન સ્ત્રોત, ભજન-કિર્તન,સત્સંગ તથા વિવિધ શિવલીંગના અને શંકર-પાર્વતિના મૂર્તિઓ બનાવી પ્રદર્શન યોજાયા હતા.





(તસવીર : જય અમીન, મોડાસા)

## ગોતા ગામે અણુવૈજ્ઞાનિકના ફોટાનું અનાવરણ

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રકહ્માના ગોતા ગામના શ્રી શ્લોક ફાઉન્ડેશન દ્વારા ગોતા ગામના વતની અને દેશના અણુ વૈજ્ઞાનિક સ્વ. રાજેન્દ્રભાઈ વોરા તથા ભારત માતાના ફોટાની અનાવરણ વિધિ દુષ્ટયંતભાઈ ત્રિવેદીના હસ્તે તાજેતરમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા ફ્રી કોચીંગ વર્ગના વિદ્યાર્થીઓ દ્વારા મહાત્મા ગાંધી - મારા પ્રિય શિક્ષક તથા દેશના મિસાઈલમેન સ્વ. એ.પી.જે. અબ્દુલ કલામ ઉપર વકતવ્ય આપવામાં આવ્યું હતું.

શ્રી શ્લોક ફાઉન્ડેશનના ડિરેક્ટર અનિલભાઈ જોષી તથા ઉષાબેન જાની બાવન વર્ષ બાદ પોતાના ગામ ગોતા આવી જે સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે તેને બિરદાવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના ફ્રી કોચીંગ વર્ગના ધો. ૧૦માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને સંસ્થાના નિયમોને આધિન સ્કોલરશીપ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં વકતાભાઈ પટેલ કિર્તીકુમાર જોષી, મનોજ દોશી, સરપંચ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

## પ્રાંતિજના સેજવિકપુરાના નાગણેશ્વરી મંદિરમાં ત્રીસ હજારની ચોરી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સેજીપુર ગામે આવેલ મંદિરમાંથી તસ્કરો દ્વારા રાત્રીના સમયે મંદિરના તાળા તોડી અંદરથી ૩૦ હજાર મત્તાની ચોરી કરી તસ્કરો પલાયન થતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મંદિરના વહીવટદાર દ્વારા પોલીસ ફરીયાદ થઈ છતાં પોલીસ આબરૂના ધજાગરાને લઈ ફરીયાદની વિગત આપવામાં આનાકાની કરી હતી. પ્રાંતિજ નજીક સેજવિકપુરા ગામે આવેલ નાગણેશ્વરી માતાજીના મંદિરમાં શુક્રવારના રાત્રીના સમયે તસ્કરો દ્વારા મંદિરોના તાળા તોડી અંદર પ્રવેશ કરી માતાજીની મૂર્તિ પર લગાયેલ સોનાનો ટીકડો બંગડી અને દાન પેટી મળી કુલ રૂ. ૩૦ હજારની મત્તાની ચોરી કરી પલાયન થતાં મંદિર વ્યવસ્થા સ્થાપક મોતીસિંહ દિપસિંહ રાઠોડ અને રામસિંહ પ્રતાપસિંહ રાઠોડે અજાણ્યા તસ્કરો વિરૂદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. જ્યારે પ્રાંતિજ તથા તાલુકામાં ચોરીની લૂંટની ઘટનાઓ થવા છતાં પોલીસ ચોપડે નોંધવામાં આવતી નથી અને જો નોંધાઈ જાય તો ચોપડામાંથી આપવામાં ન આવતાં તસ્કરોને પણ ફાવતુ મલી જાય છે અને પોલીસના આબરૂના ધજાગરામાંથી પણ બચી જાય છે. ત્યારે પ્રાંતિજ પંથકમાં કેટલાય વિસ્તારમાં તસ્કરોનો તરખાટ છતાં પોલીસની બીકે કે પાછું ના આવવાની ગણતરીએ કે પોલીસના લફરાંમાંથી બચવા લોકો પોલીસ સ્ટેશનના પગથીયા પણ ચડતા નથી પણ એક વાત તો ચોક્કસ છે કે પ્રાંતિજ પોલીસ પણ આખી વિગત છુપાવી તેના આબરૂના ધજાગરામાંથી બચવા માંગતી હોય તેવું પ્રાંતિજ પોલીસ એકમાત્ર ઉત્તમ દાખલો છે તેમ કહીએ તો નવાઈ નહી.

# તાજપુર પાસે બિયરનો જથ્થો ભરેલી જીપ પકડાઈ : લાખોનો મુદ્દામાલ જપ્ત

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ તાજપુર પાસે પ્રાંતિજ પોલીસે રાત્રીના ૮.૩૦ કલાકે પેટ્રોલિંગ કરી રહી હતી તે સમયે દારૂ બિયરનો જથ્થો ભરેલ જીપ શંકાસ્પદ લાગતાં પુછપરછ માટે ઉભી રાખતા જીપચાલક તથા અન્ય એક જીપમાં સવાર એક ઈસમ દ્વારા જીપ ઉભી ના રાખતાં પોલીસની ગાડીને ટક્કર મારી ભાગવાનો પ્રયત્ન કર્યો હતો. પણ પોલીસે દારૂ ભરેલ જીપને પકડી પાડી હતી.

મળતી માહિતી મુજબ હિંમતનગર અમદાવાદ હાઈવે ઉપર આવેલ પ્રાંતિજ તાલુકાના તાજપુર નેશનલ હાઈવે પાસે રાજસ્થાન બાજુથી પસાર થતી વિદેશી કંપનીનો દારૂ ભરેલ જીપ નંબર - જીજે-૬ઈડી૮૫૭૯ની જીપ રાત્રીના ૮.૩૦ કલાકે રાઉન્ડ દરમ્યાન પ્રાંતિજ પોલીસને શંકા જતાં ઉભી રાખતા જીપચાલક દ્વારા જીપ ભગાડી દેવામાં આવી હતી. જ્યારે પ્રાંતિજ પોલીસ તેનો પીછો કરી થોડેક આગળથી પકડવા જતાં જીપચાલક દ્વારા પોલીસની જીપને ટક્કર મારી હતી જેમાં પ્રાંતિજ પોલીસના બે જવાન દિપસિંહ તથા વિક્રમસિંહને પગે ઈજાઓ થઈ હતી. પણ પોલીસ દ્વારા જીપ આડી કરી પકડવા જતા પોલીસની જીપને ટક્કર મારી જીપચાલક તથા અન્ય એક એમ બે ઈસમો દારૂ ભરેલ જીપ મુકીને ભાગી ગયા હતા. જ્યોર પ્રાંતિજ પોલીસે જીપની અંદર તપાસ કરતાં બિયર તથા વિદેશી કંપનીનો દારૂ કિંમત રૂ. ૧,૬૬,૮૦૦ તથા મહેન્દ્રા કંપની મેક્સ જીપ જેની કિંમત ૨ લાખ મળી કુલ ૩,૬૬,૮૦૦નો મુદ્દામાલ કબજે કરી જીપચાલક તથા અન્ય એક સામે વગર પાસ પરમીટ વગર લઈ જતા તથા પોલીસની જીપ તથા પોલીસ કર્મીઓ ઉપર જીવ બચાવવા જીપ ઉપર નાંખતા ગુનો કરી નાશી જતાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં દિપકસિંહ જગતસિંહની ફરીયાદ કરતા પ્રાંતિજ પીઆઈ ભરતભાઈ પટેલ દ્વારા જીપચાલક તથા અન્ય એક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# હિંમતનગરની કરિયાણાની દુકાનમાંથી ૧૪ હજારનો સામાન ચોરાયો

હિંમતનગર, તા.૧૩

હિંમતનગરમાં આવેલ એક કરિયાણાની દુકાનમાં કામ કરતા ત્રણ નોકરે શેઠની ગેરહાજરીમાં એક અઠવાડિયા અગાઉ રૂા.૧૪૬૦૮ નો કરિયાણાનો સરસામાન ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે કરિયાણાના વેપારીએ ત્રણ નોકરો વિરૂધ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં શનિવારે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે મહાવીરનગરના બેરણા રોડ પર જય સચ્ચિદાનંદ ટ્રેડર્સની કરિયાણાની દુકાન ચલાવતા વિપુલકુમાર રમેશચંદ્ર પટેલને ત્યાં ગામડીના લાલસિંહ ભૂપતસિંહ પરમાર, નાની ડેમાઈના જીતેન્દ્રસિંહ કોદરસિંહ મકવાણા તથા કાળાજી ગુમાજી પરમાર સાત વર્ષથી નોકરી કરતા હતા. દરમિયાન તેમણે એક અઠવાડિયા અગાઉ વિપુલકુમારની ગેરહાજરીમાં રૂા.૧૪૬૦૮ ના સરસામાનની ચોરી કરી હતી. જે અંગે વિપુલકુમારને ખબર પડતા ત્રણેય વિરૂધ્ધ શનિવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.